હરિ નજર - ખરી નજર

હે વિઘ્નહર્તા... આ સાલ ગુટખા તો સરકારે છોડાવી દીધા, હવે આ ભાવવધારાથી છોડાવ પ્રભુ...!

પિલવાઈ કોલેજમાં સ્વંય શિક્ષકદિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૪

આર્ટસ, સાયન્સ કોલેજ પિલવાઈમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં સ્વંય શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ અધ્યાપક તરીકે વિવિધ વિષયો ભણાવ્યા હતા. કોલેજનું સમગ્ર સંચાલન પણ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિ. તરીકે કુ. પાયલ ચાવડાએ ફરજ બજાવી હતી. વિહોલ કર્મવીરસિંહે વાઈસ પ્રિન્સિપાલ તરીકે કામગીરી બજાવી હતી.

આચાર્ય તથા કોલેજ પરિવારે પ્રોત્સાહિત કરી અભિનંદન આપ્યા હતા.

પિલવાઈ કોલેજમાં કારર્કિદી માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

પિલવાઈની આર્ટસ, સાયન્સ, કોલેજમાં ચાલતા કરીયર ગાઈડ્સ સેન્ટરના ઉપક્રમે કારર્કિદી માર્ગદર્શન યોજવામાં આવેલ હતું. સફળ એન્કર અને ટીવી આર્ટિસ્ટ ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ તથા લિબર્ટી એકેડેમી અમદાવાદના જગદીશભાઈ પટેલ હાજર રહ્યા હતા. ગીરીશભાઈ બ્રહ્મભટ્ટે ગેરીટએ બેટર જૉબ વિષય પર પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સારી કારર્કિદી મેળવવા માટે મોટીવેટ કર્યા હતા. જગદીશભાઈ પટેલે સ્પર્ધાત્મક પરીક્ષા વિશે જાણકારી આપી હતી.

કોલેજનાં પ્રિ. સંજયભાઈ શાહે શિબિરનો હેતુ સમજાવ્યો હતો. ઉપાચાર્ય ડૉ. અશ્વિનભાઈ દવેએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આયોજન સંચાલન પ્રા. એસ.બી. નાયી, સમીર પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

અધ્યાપક મંડળની આંદોલન ઉગ્ર કરવાની ચિમકી

અમદાવાદ, તા. ૧૪

ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કોલેજ અધ્યાપક મહામંડળની તાજેતરમાં મળેલી મીટીંગમાં રાજ્ય સરકાર દ્વારા આગામી દિવસોમાં પોતાની માંગણીઓનો સ્વીકાર કરવામાં ન આવે તો આંદોલન વધુ ઉગ્ર કરવાનનો સર્વાનું મતે નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં હાલ રોજ પૂરો સમય કાળી પટ્ટી ધારણ કરવામાં આવશે. આ ઉપરાંત યુનિવર્સિટી ખાતે રોજ સૂત્રોચ્ચાર કરવામાં આવશે. દરરોજ શિક્ષણ મંત્રી અને એજ્યકેશન સેક્રેટરીને એસએમએસ કરાશે. તા. પહેલી ઓક્ટોમ્બરના રોજ રાજ્યપાલને આવેદનપત્ર આપવામાં આવશે. જો આ પછી પણ નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદાન ન કરી વિરોધ કરવા માટે અન્ય સંગઠનોને અપીલ કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળના વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

શ્રી સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળ ગાંધીનગર દ્વારા તાજેતરમાં સૌરાષ્ટ્રના લુહાર અને સુથાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને તથા સમાજના અગ્રણીઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાયો હતો.

વર્ષ દરમિયાન શાળા, કોલેજ અને ઉચ્ચ શિક્ષણમાં ઉત્તીર્ણ થયા હોય અને વિશેષ સિદ્ધિ મેળવી હોય તેવા વિદ્યાર્થીઓને સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળ દ્વારા સન્માનપત્ર, મેડલ અને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા. મંડળના ૨૫ વર્ષ પૂર્ણ થવાથી સમાજના અગ્રણી ઠાકરશીભાઈ લુહાર, રજનીકાંત સુથાર અને દલસુખભાઈને પુષ્પગુચ્છ-સ્મૃતિભેટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંડળના પ્રમુખ શંકરભાઈએ મંડળની પ્રવૃત્તિ અને અહેવાલ રજૂ કર્યો હતો. મંડળના વિદ્યાર્થીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કર્યો હતો. મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ કે.યુ. મિસ્ત્રી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. અમદાવાદ મહામંડળના પંકજભાઈ મિસ્ત્રી, ધનગૌરીબેન મિસ્ત્રી, રોજગાર તાલીમના નાયબ નિયામક પંકજભાઈ મિસ્ત્રી, સેકશન ઓફિસર કમલેશભાઈ, બળવંતભાઈ મિસ્ત્રી, સમાજના આગેવાન દિનેશભાઈ, ચંદ્રકાંતભાઈ, જનકભાઈ, હિતેશ દાવડા, ડૉ. વિરલ લુહાર વગેરેએ ખાસ હાજરી આપી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી ઉદબોધન કર્યું હતું અને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના પાઠવી હતી.

વીપીઅએમપી પોલીટેકનીક ખાતે સ્વામી વિવેકાનંદ અને સાંપ્રત મૂલ્યો પર એકદિવસીય સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સેકટર-૧૫માં આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત વીપીએમપી પોલીટેકનીકના સભાખંડમાં સ્વામી વિવેકાનંદના વિચારોને એકદિવસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વીપીએમપી પોલીટેકનીકમાં ડિપ્લોમા એન્જિનીયરીંગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઆ માટે 'સ્વામી વિવેકાનંદ અને સાંપ્રત મૂલ્યો' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સેક્શન ઑફિસર અને શ્રી રામકૃષ્ણ મિશન, ગાંધીનગરના પ્રેસીડેન્ટ શ્રી રજનીકાન્તભાઈ ભટ્ટે સ્વામી વિવેકાનંદનું જીવન, વિવેકાનંદ અને આજના યુવાનો વિષય ઉપર પ્રવચન આપ્યું હતું. તેમણે પોતાના વ્યક્તવ્યમાં ઈન્ટરનેટ અને ફેસબુકના યુગમાં પણ સ્વામી વિવેકાનંદ કેટલા સમસામાયિક છે તેની પણ વિસ્તૃત છણાવટ કરી હતી.

આ પ્રસંગે પ્રા. મનીષભાઈ વ્યાસ, પ્રા. જીગરભાઈ પટેલ, પ્રા. પ્રિતી મહાવત, આચાર્ય એ.જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આજે ગાંધી મિત્ર વર્તુળ દ્વારા નિબંધ સ્પર્ધાનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર દ્વારા માધ્યમિક શાળા તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ગાંધીનગરમાં ગાંધી જીવન દર્શન સંદર્ભે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં સફળ થનાર વિદ્યાર્થીને સન્માનવાનો સમારંભ તા. ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ યોજાશે.

ગાંધી જીવન દર્શન સંદર્ભે યોજાયેલી નિબંધ સ્પર્ધામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને પોંખવાનો તેમજ પુરસ્કૃત કરવાનો ઈનામ વિતરણ કાર્યક્રમ તા. ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૨ને શનિવારે સવારે ૯.૩૦ કલાકે શ્રી બ્રહ્મણી કૃપા હોલ, ફાર્મસી કોલેજ કંપાઉન્ડ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. ઈનામ વિતરણ કાર્યક્રમમાં સમારંભના ઉદઘાટક અધ્યક્ષ તરીકે સાહિત્યકાર ડૉ. દલપત પઢિયાર, મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારી વિનયગીરી ગોંસાઈ અને અતિથિ વિશેષ તરીકે કડી સાર્વજનિક શિક્ષણ સંકુલના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમાભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે.

જિલ્લા કક્ષાની રોલ પ્લે સ્પર્ધામાં ડભોડા હાઈસ્કૂલ પ્રથમ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત શૈક્ષણિક અનેસંશોધન તાલીમ કેન્દ્ર દ્વારા જિલ્લા કક્ષાની રોલ પ્લે સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. ડભોડાની એમ.એચ. વિદ્યામંદિરના ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માનસી ભટ્ટ, કવન પટેલ, વિશાલ ગજ્જર, શૈલેષ સોલંકી અને ભીખાજી પરમારે જિલ્લા કક્ષાની રોલ પ્લે સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ નંબર મેળવી વિજય હાંસલ કર્યો હતો.

ડભોડાની એમ.એચ. વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ 'માદક દ્રવ્યોનો દુરુપયોગ અને તેની અસરો' વિષય પર ૭ મિનિટનો રોલ પ્લે ભજવ્યો હતો. જેને જિલ્લામાં પ્રથમ નંબર મળ્યો હતો. શાળાના આચાર્ય અશોકભાઈ મોદી અને કેળવણી મંડળે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા થયેલા વિદ્યાર્થીઓ આગામી તા. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. જેને શાળા પરિવારે શુભેચ્છાઓ પાઠવી છે.

ફિલ્મ નિર્માણની અનોખી સ્પર્ધા અમદાવાદ ફિલ્મ પ્રૉજેક્ટ-૨૦૧૨

ગાંધીનગર, તા. ૧૩

ફિલ્મનું નિર્માણ હવે માત્ર એક વ્યવસાય નહીં પરંતુ શૉખને સંતોષવાનો એક વિકલ્પ બની ગયો છે. એવા સમયે ફ્રી વે ફિલ્મ કંપની દ્વારા શરૂ કરવામાં આવેલી એક અનોખી પહેલ 'અમદાવાદ ફિલ્મ પ્રૉજેક્ટ' કળાના શોખીનોને સપ્તાહને અંતે રજાના દિવસોમાં વ્યસ્ત કાર્યક્રમોથી દૂર રહી પોતાની ઈચ્છા અનુસાર ફિલ્મનું નિર્માણ કરવાની, આ ફિલ્મને પોતાના સાંનિધ્યમાં રહેલી કળાપ્રેમી જનતા સમક્ષ પ્રદર્શિત કરવાની અને સાથે સાથે ફિલ્મ નિર્માણ બદલ ઍવોર્ડ જીતવાની તક પુરી પાડે છે. જોકે, આ તકને ઝડપી લેવી એ રમત વાત નથી. ખાસ કરીને ફિલ્મનું નિર્માણ માત્ર ૪૮ કલાકમાં જ કરવાનું હોય ત્યારે તો એ ચોક્કસપણે મુશ્કેલ કાર્ય બની જાય છે. માત્ર થોડા કલાકોમાં પોતાની પરિકલ્પનાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવાની હોય ત્યારે આ તકને ઝડપી લેવા માગતા તમામ કલાપ્રેમીઓ માટે ફિલ્મ માટે શ્રેષ્ઠ હોય એવી વાર્તા લખવી, સૌથી યોગ્ય હોય એવા શૂટીંગ માટેના સ્થળોની પસંદગી કરવી, ફિલ્મને જીવંત બનાવે એવા કલાકારોને રોકવા, ફિલ્મનું ઍડીટીંગ કરવું, પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દે એવું સંગીત તૈયાર કરવું અને સ્પર્ધાના મુખ્ય વિષયને આધાર બનાવતી હોય એવી સૌથી શ્રેષ્ઠ ફિલ્મનું નિર્માણ કરવું અનિવાર્ય બની જાય છે.

અમદાવાદ ફિલ્મ પ્રૉજેક્ટ એ માત્ર ફિલ્મના નિર્માણ સાથે જ સંકળાયેલા હોય એવા વ્યાવસાયિકો માટે નથી, પરંતુ કોઈપણ વયજૂથના, કોઈપણ વ્યવસાય કરતા અને દેશના કોઈપણ ભાગમાં વસતા લોકો આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.

આ સ્પર્ધા અંતર્ગત તેમાં ભાગ લેનારાઓને કોઈપણ એક ચોક્કસ વિષયવસ્તુ પર ફિલ્મ બનાવવા માટે ૪૮ કલાકનો સમય આપવામાં આવે છે. વિષયવસ્તુની જાહેરાત સ્પર્ધાને ખુલ્લી મૂકવા માટે યોજેલા સમારંભમાં કરવામાં આવશે. આ સમારંભ ૨૮ સપ્ટેમ્બર ને શુક્રવારના રોજ યોજવામાં આવશે અને તે સમયે સ્પર્ધાના વિજેતા નક્કી કરનારી નિર્ણાયક સમિતિના સભ્યો, સ્પર્ધાને ખુલ્લી મૂકવા પધારેલા અતિથિ વિશેષ મહાનુભાવો અને સ્પર્ધામાં ભાગ લઈ રહેલી ટીમોના સભ્યો ઉપસ્થિત રહેશે. ત્યારબાદ ૪૮ કલાકમાં ભાગ લેનારી ટીમો તેમની ફિલ્મોનું નિર્માણ પુરું કરશે અને રવિવારે રાત્રે ૮ કલાક પહેલાં ફિલ્મને સુપરત કરી દેશે. આ ફિલ્મોના તે પછીના રવિવારે એક મલ્ટીપ્લેક્સમાં પ્રદર્શિત કરવામાં આવશે.

આ વર્ષની સ્પર્ધામાં ૪૮ કલાકમાં નિર્માણ પામેલી ફિલ્મો ઉપરાંત કેટલાક નવાં આકર્ષણો પણ રહેશે. જેમ કે, પાંચ દિવસીય ફિલ્મ ફેસ્ટીવલ દરમ્યાન સ્વતંત્ર રીતે નિર્માણ કરવામાં આવેલી ફિલ્મો, ભારતીય ફિલ્મો, કોઈ ચોક્કસ હેતુસર નિર્માણ કરવામાં આવેલી ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે, રાષ્ટ્રીય સ્તરે જાણીતા ફિલ્મ નિર્માતાઓની ઉપસ્થિતિમાં ફિલ્મ નિર્માણ પર એક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવશે, 'માર્કેટીંગ માટેના બિનપરંપરાગત વિકલ્પો' વિષય પર નિષ્ણાતોના જૂથ દ્વારા ચર્ચાસત્ર યોજવામાં આવશે અને ફાવઝાન હુસૈન દ્વારા કૅપ્ચર કરવામાં આવેલી સિનેજગતને લગતી તસવીરોનું પ્રદર્શન યોજવામાં આવશે. આ બધા જ કાર્યક્રમો તમામ લોકો માટે ખુલ્લા રાખવામાં આવ્યા છે.

સ્પર્ધા માટે જ્યુરી તરીકે ફરારી કી સવારી ફિલ્મ નિર્દેશક રાજેશ મપુસકર અને ફિલ્મ વિવેચક કોમલ નાહટા પોતાની સેવાઓ આપશે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે નોંધણીની શરૂઆત થઈ ચૂકી છે અને આગામી ૨૮ સપ્ટેમ્બરથી આ અનોખી સ્પર્ધાનો પ્રારંભ કરવામાં આવશે. એ પછી ૧થી ૭ સપ્ટેમ્બર દરમ્યાન ઉપર જણાવ્યા મુજબના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. આ અંગેની તમામ વિગતો ahmedabadfilmproject.com પર ઉપલબ્ધ છે.

નગરની ગૃહિણીઓના દિલમાં વસતા મહિલા અગ્રણી : શ્રીમતી લતાબહેન ચોકસી

૭૮મું વર્ષ ચાલે છે. જીવનના અસ્તાચળે પહોંચવા આવ્યાં છે પણ એને આથમવાની ઉતાવળ નથી! જાણે હમણાં જ ઊગીને ઊભાં થયાં હોય તેવી તાજગી ભલભલાને તેમની ઉંમર અંગે શંકાનાં વમળમાં ઉલઝાવી દે તેવી છે. કમરથી ઝૂકી જવાના દિવસોમાં વાંસના સોટા જેવી સીધી કાયા આશ્ચર્યને સવાયું કરી દે તેવી છે. ચહેરા પરની કરચલીઓ પણ પોતાનું આગવું સૌંદર્ય હોય છે, અનુભવનું આ સૌંદર્ય વંદન કરવા લાયક છે. તેમની વાણીમાંથી નીતરતી નિર્દોષતા અને આંખોમાંથી છલકતાં વાત્સલ્યના અદભૂત સંયોજનમાં ચુંબકીય તાકાત છે. ફરિયાદનું ગીત ખરજના સૂરમાં આલાપી શકવાની કળા તેમને કંઠગત છે. તેઓ ઊંચેથી બોલે તો પણ હોટ પરથી ફૂલડાં ખરતાં હોય તેમ લાગે છે. તેમનાં નિવાસનું સરનામું સેકટર-૨૩ ની તેજસ સોસાયટી છે. પરંતુ તેઓ ઘરનાં ઓછાં અને નગરની ગૃહિણીઓના દિલમાં વધારે રહે છે! શોષિત તથા પીડિત અબળાનો ઉધ્ધાર તેમનો જીવનમંત્ર છે. છેલ્લા ચાર દાયકા કરતાં વધુ સમયથી નારી ઉત્થાનના વિવિધ કાર્યક્રમોના માધ્યમથી ક્યારેક માતા તો ક્યારેક ભગિની, ક્યારેક દુહિતા તો ક્યારેક દોસ્ત બનીને તેમણે શોષિત અને પીડિત અબળાને પડખું આપ્યું છે. મહિલાઓને ઉન્નત મસ્તકે જીવવાની કળા શીખવનાર આ આગવા મહિલાને ગાંધીનગર માનભેર લતાબહેન ચોકસી કરે છે!

૧૯ ઉપની છઠ્ઠી માર્ચે વ્યારાના એક વણિક પરિવારમાં જન્મ. માનવસેવાના સંસ્કાર ગળથૂથીમાં પીધેલાં. એકનાં એક લાડકા ભાઈની એકની એક વહાલી મોટી બેન મેટ્રીક ક્યુલેટ થઈ. પતિની સરકારી નોકરી લતાબહેનને ગાંધીનગર લઈ આવી. અગાઉ અમદાવાદનાં દસ બંગલા ક્વાર્ટરમાં ચાલતી મહિલા પ્રવૃત્તિઓમાં ભાગ લેવાને કારણે ગુલબાઈ ટેકરા વિસ્તારમાં મહિલાઓનાં મસીહા તરીકે ઓળખાતાં. ૧૯૭૦માં સમગ્ર ગુજરાત પર વરૂણદેવની કૃપા જરૂર કરતાં વધારે વરસી પડી. સુરત રેલાયું, સાબરમતી પણ ગાંડીતૂર થઈ. નગરના નદીકાંઠાના નીચાણવાળા બોરીજ ગામમાં પૂરનાં પાણી ફરી વળ્યાં. સેકટર-૨૧ની શાકમાર્કેટમાં અસરગ્રસ્તોનું સ્થળાંતર થયું. ઘરથી બેઘર થયેલા લોકોને જોઈ લતાબહેનનું માતૃહૃદય દ્રવી ઉઠ્યું. પુષ્પાબેન મહેતા અને કમળાબેન ગાંધીનો સહકાર મળ્યો. આ ત્રિપુટીએ શહેરની પચાસ જેટલી બહેનોને એકઠી કરી. ઘરે ઘરે ફરીને કપડાં, અનાજ અને ખાદ્ય સામગ્રી એકઠી કરી. રાહત સામગ્રીનો ટ્રક સુરત રવાના થયો ત્યારે લતાબહેનના મગજમાં આ સરકારી નગરમાં મહિલાઓની એક સંસ્થા સ્થાપવાનો વિચાર આકાર લઈ રહ્યો હતો. પૂરનાં પાણી ઓસર્યાં ત્યારે ગણ્યાંગાઠ્યાં બહેનોના સથવારે ગાંધીનગરમાં જ્યોતિ મહિલા મંડળ વિધિવત રીતે આકાર પામી ચૂક્યું હતું. લતાબહેનના પ્રમુખપદે સ્થપાયેલાં જ્યોતિ મહિલા મંડળની સભ્ય સંખ્યા આજે આશરે ૭૦૦ જેવી છે. નાનકડો છોટ વટવૃક્ષની વિશાળતા પામી ગયો છે.

મહિલા ઉત્કર્ષના કાર્યક્રમો અંતર્ગત આર્થિક રીતે નબળી મહિલાઓને રોજગારી આપવાની બાબત તે સમયે લતાબહેનની પ્રાથમિકતા હતી. વિવિધ સેવાકીય કામોમાં મહિલાઓને સાંકળી શકાય અને કેટલીક પ્રવૃત્તિઓની મહિલાને મદદરૂપ થઈ શકાય તેવા સંકલ્પોની યાદી લતાબેને તે સમયે વિચારી જે પછીથી જ્યોતિ મહિલા મંડળના ૨૪ મુખ્ય ઉદ્દેશો બની રહ્યાં. આમાંથી મોટાભાગની પ્રવૃત્તિઓ લતાબહેન જ્યોતિ મહિલા મંડળના નેજા હેઠળ નિયમિત રીતે કરી રહ્યાં છે! નારીને અબળા માનતા સમાજને નારીશક્તિથી વાકેફ કરવાની આવશ્યકતા હતી. મહિલા પુરૂષ સમોવડી છે તેનો પરચો ગાંધીનગરને મળી ગયો. સેકટર-૨૨ના શોપિંગ સેન્ટરમાં મહિલા દ્વારા ચાલતી અનાજ દળવાની ઘંટીની શરૂઆત કરી લતાબહેને ગાંધીનગરમાં લોકચાહના મેળવવાના શ્રીગણેશ કર્યાં. મધ્યમવર્ગીય પરિવારોને રોજગારી તથા મહિલાઓને પગભર કરવાના આયોજન હેઠલ લતાબહેને સચિવાલય ખાતે ઘોડિયાઘરનાં સંચાલન ઉપરાંત વાનગી વર્ગો, સીવણવર્ગ, એમ્બ્રોઇડરી, સીરામીકના હુન્નરવર્ગો ચાલુ કરી બહેનોના આશીર્વાદ મેળવ્યા. લતાબહેને ટિફીન યોજના વિચારી. શહેરમાં એકલા રહેતા ભાઈ-બહેનો માટે ઘરે બેઠાં શુધ્ધ અને સાત્ત્વિક જમવાનું વ્યાજબી ઘર બેઠાં પહોંચાડ્યું. નાસ્તા તૈયાર કરાવ્યાં. વર્ષભરના મસાલા ભરવાની સીઝન આવી તો લતાબેનને મહિલાની સ્વરોજગારીનો વિચાર આવ્યો. તેમણે શેરથા અને રૂપાલ ખાતે ખેતર ભાડે રાખી દસ હજાર કિલો મરચું દળાવ્યું. નગરના પરિવારોને તાજું, શુધ્ધ અને ક્રિફાયત ભાવે મરચું આપવા સાથે નગરની મહિલાઓને પૂરક રોજગારી આપવાનો અભિનવ ખ્યાલ તો લતાબહેન જેવી મલ્ટી ડાયમેન્શનલ પર્સનાલીટીને જ આવી શકે! આ નગરની શુષ્ક છાપ ભૂંસવામાં લતાબહેન અને તેમના જ્યોતિ મહિલા મંડળનો ફાળો નોંધનીય છે. ધાર્મિક તહેવારો ઉપરાંત રાષ્ટ્રીય પર્વોની ઉજવણી કરીને લતાબહેન સર્વધર્મ સમભાવને ચરિતાર્થ કરી રહ્યાં છે. સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાકદિન, ગાંધીનિર્વાન દિન, નગરનો સ્થાપનાદિન, રથયાત્રા રક્ષાબંધન, ગણેશચતુર્થી, નવરાત્રી, વિજયાદશમી, મહોરમ, ઇદ, નાતાલ જેવા તહેવારોની ઉજવણીમાં જ્યોતિ મહિલા મંડળની સક્રિયતા લતાબહેનના સાંસ્કૃતિક અભિગમને આભારી છે. શેરી ગરબા, બેઠા ગરબા, આરતી, લગ્નગીતો, ભજન, ઘોડાખૂંદ ઉપરાંત ગણેશોત્સવ દરમિયાન મરાઠી બહેનો માટે હલ્દીકંકુ, મહેંદી, કેશગુંફન, વસ્ત્રપરિધાન જેવી સ્પર્ધાઓ દ્વારા લતાબહેને આ શહેરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ધબગતી રાખી છે. સ્વર્ણિમ ગુજરાત ઉજવણી, મહિલા વર્ષ ઉજવણી, વૃક્ષારોપણ, સફાઇ ઝૂંબેશથ લોકજાગૃતિના વિવિધ કાર્યક્રમો, કાયદો અને વ્યવસ્થાની જાળવણી, પોલીસ, લોક દરબાર જેવા અનેક સરકારી કાર્યક્રમોમાં લતાબહેનને અચૂક યાદ કરવામાં આવે છે!

સમાજમાં વ્યાપેલી દારૂ, જુગાર અને વ્યસનોની બદીથી અનેક ઘર બરબાદ થતાં હોય છે. નશામાં પતિ દ્વારા થતી મારઝૂડ ક્યારેક સ્ત્રીની આત્મહત્યામાં પરિમણે છે. લતાબહેન સમાજના આ દૂષણને ડામવામાં પણ સિંહફાળો આપી રહ્યાં છે. ગુજરાતના તત્કાલિન નશાબંધી મંત્રી શ્રીમતી ઈન્દુમતીબેઠ શેઠની સાથે નશાબંધીના પ્રચારાર્થે ફરીને ગામોના ગામોને દારૂમુક્ત અને વ્યસન મુક્ત કરવા ઉપરાંત દહેજપ્રથા ડામવા માટે કરેલા પ્રયાસોને યાદ કરતાં લતાબહેન આજે પણ ગૌરવની લાગણી અનુભવે છે. એઈડ્ઝ જાગૃતિ, ફર્સ્ટ એઈડ, પરિવાર નિયોજન અને વેકસીન ડે ના સરકારી કાર્યક્રમોમાં લતાબહેનની સક્રિયતા દાદ માંગી લે તેવી છે. તેમણે શાળાઓમાં મેડિકલ કેમ્પો અને લાયન્સ કલબ અને રેડક્રોસ સોસાયટીનાં સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પોના સફળ આયોજનો કર્યાં છે. ૭૧મી વર્ષગાંઠે તેમને ૭૧ ચક્ષુદાતાઓ શોધી આપવાનો સંકલ્પ કર્યો, ૭૦ ચક્ષુદાનના સંકલ્પપત્રો મેળવ્યા. ઉપરાંત સગાં, સ્નેહી અને શુભેચ્છકોને ચક્ષુદાન માટે હાર્દિક અપીલ કરી માનવીય અભિગમ દાખવીને સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ આપ્યું છે.

લતાબહેન જિલ્લા કોર્ટ, ગાંધીનગરના કાયમી સમાધાન પંચના સભ્ય છે. આ ઉપરાંત સર્વોચ્ચ અદાલત દ્વારા વર્કિંગ વિમેન પ્રૉબ્લેમ સમાધાન પંચ સમિતિનાં સભ્ય તરીકે ત્રણ વર્ષ માટે નિયુક્તિ પામ્યા છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સ્થાપિત લીગલ એઇડ ક્લિનીકમા પેરા લીગલ વોલેન્ટીયર તરીકે માનદ સેવાઓ આપી રહ્યાં છે.

આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

લોકઅદાલતો અને મહિલાઓ માટેની ખાસ લોક અદાલતમાં ઉપસ્થિત રહીને પ્રાથમિક વિવાદોનું સમાધાન કરાવી લતાબેને પક્ષકારોને કોર્ટનાં ધક્કા અને નાણાંનાં દુર્વ્યયથી બચાવી લીધાં છે. શાળા અને મહાશાળાની વિદ્યાર્થીનીઓ તથા મહિલા સંસ્થાઓમાં સફળ કાનૂની શિબિરો યોજવાનું માન લતાબહેન લઈ જાય તેમ છે. શહેરની અસામાજિક પ્રવૃત્તિ સામે અવાજ ઉઠાવવા તેમણે મહિલા સુરક્ષા કેન્દ્ર શરૂ કર્યું. સેકન્ડરી અને હાયર સેકન્ડરી પરીક્ષાઓમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થતાં તેજસ્વી તારલાઓને પારિતોષિક અને સ્મૃતિચિહન અર્પણ કરીને તથા વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરીને લતાબહેને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો છે. ઝૂંપડપટ્ટીની બાળાઓની શારીરિક તપાસ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના અનેક ગરીબ બાળકોને અભ્યાસ તરફ વાળવા મફત પુસ્તક તથા ગણવેશ આપીને અનેક શૈક્ષણિક પુણ્યના કામો કર્યાં છે. લતાબહેન લોકપ્રહરી છે. સમાજની દીવાદાંડી છે. બાળલગ્નો, અનૈતિક પ્રવૃત્તિઓ, મહિલાઓની છેડતી કે ઘરેલું હિંસાની ફરિયાદો કરતાં તેઓ લગીરે ડરતાં નથી, બલ્કે પહેલ કરી મહિલાઓને સુરક્ષા આપવમાં સદા અગ્રેસર રહ્યાં છે. ગાંધીનગરની બહેન દીકરીઓના અપમૃત્યુ પ્રસંગે પોલીસ પંચનામામાં હાજર રહી સત્ય બહાર લાવવાનું ભગીરથ કાર્ય લતાબેને વર્ષોથી કરી રહ્યાં છે.

ગુજરાતનું એકમાત્ર મહિલા ભિક્ષુકગૃહ ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે છે. પાગલ, અર્ધપાગલ તથા ભિક્ષુક ૯૭ બહેનો આ ગૃહમાં આશરો લઈ રહી છે. લતાબહેને કરૂણાના સાગર છે. આ બહેનોની સેવા કરવા તેઓ અવારનવાર દોડી જાય છે. તેમના સ્વાસ્થ્યની જવાબદારી લતાબહેને સ્વેચ્છાએ સ્વીકારી છે. નિયમિત તબીબી તપાસ માટે ડૉકટરો સાથે ત્યાં જાય છે. લતાબહેન કદી ખાલી હાથે જતાં નથી. કોઈ વાર નાસ્તો તો કઈ વાર પાયજામા-ગાઉન લઈ જાય છે. એકવાર એક પાગલ બાઈએ પોતાના કાનમાં સિમેન્ટ નાંખી દીધો. દુઃખાવો શરૂ થયો. કાન, નાક, ગલાના સ્પેશિયલીસ્ટ ડૉકટર દ્વારા સારવાર કરાવીને લતાબહેને માનવતાની ઊંચાઈના દર્શન કરાવ્યાં. તાજેતરમાં લતાબહેનને જાણવા મળ્યું કે દસેક જેટલી બહેનો એક સાથે માંદી પડી છે. લતાબહેને તુરત જ ગાંધીનગર સિવિલ હૉસ્પિટલના અધિક્ષકના સહકારથી વિવિધ રોગોના સ્પેશિયલીસ્ટ ડૉકટરો અને દવાઓ સાથે ડભોડા પહોંચી ગયાં. આને કહેવાય સાચી સેવા!

લતાબહેનની ૪૨ વર્ષની સમાજસેવાનું સરવૈયું કંઈ ટૂંકમાં પતે તેવું નથી. પણ સમાજસેવકની એક મર્યાદા છે. એકલપંડે ન દોડી શકાય ત્યારે સંસ્થાનો આશરો જરૂરી બને છે. લતાબહેને શક્ય બન્યું ત્યાં એકલપંડે અને જરૂર લાગી ત્યારે જ્યોતિ મહિલા મંડળના નેજા નીચે સમાજસેવાના અઢળક કાર્યો કર્યાં છે. લતાબહેને કૃતજ્ઞ છે. તેઓ પોતાની સફળતાનું શ્રેય જ્યોતિ મહિલા મંડળના હોદ્દેદારો, મંડળની બહેનો, ઉદાર નગરજનો અને શ્રેષ્ઠીઓને આપતાં કૃતકૃત્યતા અનુભવે છે. જ્યોતિ મહિલા મંડળની સ્થાપના વખતે હતો તેવો જ અદમ્ય ઉત્સાહ તેઓ આજે પણ બરકરાર રાખી શક્યાં છે. તે તેમની સમાજસેવાની ભૂખની સાબિતી છે. તેઓ જ્યોતિ મહિલા મંડળનાં સ્થાપક પ્રમુખ હતા અને આજે ય રહ્યાં છે તે બતાવે છે કે ગાંધીનગરની મહિલાઓમાં તેમની લોકચાહના આજે ય એવી જ તરોતાજા રહી શકી છે. ગાંધીનગર માટે આ ગૌરવની વાત છે. લતાબહેનની યશકલગીમાં રોજરોજ નવા પીંછાઓ ઉમેરાતાં રહ્યા છે. તેઓ બહુમુખી પ્રતિભાના ધણી છે. જ